**બોટાદના મહે. ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મુ. બોટાદ**

ફોજદારી કેસ નંબર :- / ૨૦૨

## પ્લી તળે હુકમ

૧. ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીએ આ કામની ચાર્જશીટની ટુંક હકીકતમાં જણાવેલ મુજબ ગુનો કરવાના ઈરાદે હાલતમાં મળી આવી તમો આરોપીએ જી.પી.એક્ટની કલમ ૧૨૨ (સી) મુજબનો ગુનો કરેલ છે.

૨. આરોપીએ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યારબાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઈ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાતએ કોઈના દાબ, દબાણ વીના સ્વ ખુશીએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઈ કારણ જણાતુ નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યકત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકિકત અને સજાની જોગવાઈ જોતા આરોપી દ્વારા અદાલત સમક્ષ કબુલાત ધ્યાને લેતાં નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯, નટવરચંદ્ર હિરાચંદ ઠાકોર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ આજરોજ નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટ, બોટાદ દ્વારા નેશનલ લોક- અદાલતનુ આયોજનના ભાગરૂપે મેજીસ્ટ્રેટીયલ કોર્ટમાં કબુલાત પાત્ર થાય તેવા કેસોના નિકાલ માટે સ્પેશીયલ સીટીંગનુ આયોજન કરેલ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

******** **<u>હુકમ</u>** ********

આ કામના આરોપીને બી.એન.એન.એસની કલમ ૨૭૫ હેઠળ જી. પી.એક્ટની કલમ ૧૨૨ (સી) મુજબના ગુના માટે આરોપીને ઠપકો આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ વાંચી,સંભળાવી નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૪/૦૯/૨૦૨૪
સ્થળ :- બોટાદ

**( એ.એન.પટેલ )**
**ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ**
**બોટાદ**
**કોડ નં. જીજે ૦૦૯૧૭**